सत्यमेव जयते

| | | | |
|---|---|---|---|
| મળ્યા તારીખ | ૧૫/૦૫/૨૦૦૬ | | |
| રજિસ્ટરે નોંધ્યા તારીખ | ૧૫/૦૫/૨૦૦૬ | | |
| ફેંસલ કર્યા તારીખ | ૧૭/૦૧/૨૦૨૫ | | |
| સમય ગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૧૮ | ૦૮ | ૦૨ |

..........................................................................................

**૧૨ માં અધિક ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ, કોર્ટ નં. ૫., અમદાવાદ સીટી.**

..........................................................................................

**ક્રિ.કેસ નં.૫૦૦૯૭૭/૨૦૦૬.**
**આંક–૦૭.**

**ફરીયાદી :–** નામદાર સરકાર
(મુળ ફરીયાદી:– જીજ્ઞેશકુમાર ગોવિંદભાઈ બારોટ)

**વિરુધ્ધ**

**આરોપી :–** (૧) દિનેશ સ/ઓ ચેલાજી ચમાર, ઉ.વ.પુખ્ત,
રહે. ગામ.ઓઢવા, તા.ડીસા, જી. બનાસકાંઠા.

**ગુનો: ઈ.પી.કોડની કલમ : ૩૯૪ મુજબ...**

..........................................................................................

ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી એચ.એસ.પંચાલ
આરોપી પક્ષ તરફે વિ.વકીલશ્રી. વી.આર. અગ્રવાલ.

..........................................................................................

**–:: ચુ કા દો ::–**

(૧) ફરીયાદપક્ષ કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૦૮/૦૪/૨૦૦૬ ના રોજ કલાક ૧૯:૪૫ વાગ્યાના સુમારે અમદાવાદ રેલ્વે બ્રોડગેજ મુસાફરીખાનામાં ટિકિટબારી ઉપર ફરીયાદીશ્રીના પાછળના પેન્ટના ગજવામાંથી મનીપર્સ કાઢતા ફરીયાદીશ્રીએ આરોપીનો હાથ પકડતા ફરીયાદીશ્રીને ધકકો મારી નીચે પાડી દઈ, મનીપર્સની લુંટ કરી નાસી જતા પકડાઈ જઈ ગુનો કર્યો અને તે બાબતે **ઈ.પી.કોડની કલમ : ૩૯૪** મુજબનો ગુનો કર્યાની ફરીયાદ નોંધાતા તે મુજબ પોલીસે તપાસના અંતે ચાર્જશીટ રજુ કરેલ છે.

(૨) આરોપી કોર્ટમાં હાજર થતાં, આરોપીને ક્રી.પ્રો.કો.કલમ ૨૦૭ મુજબ ચાર્જશીટ

તથા પોલીસ તપાસના કાગળોની નકલો આપવામાં આવેલી છે. ત્યાર બાદ આરોપી વિરુઘ્ધ તહોમતનામું ફરમાવી, આરોપી વિરુઘ્ધ ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે અને ફરીયાદપક્ષનો પુરાવો નોંઘવામાં આવેલ છે.

(૩) આ કામે ટ્રાયલ દરમ્યાન ફરીયાદપક્ષ તરફથી નીચે મુજબના મૌખીક અને દસ્તાવેજી પુરાવા રજુ થયેલ છે :–

**–: મૌખિક પુરાવો :–**

| **ક્રમ** | **સાહેદનું નામ** | **આંક** |
|---|---|---|
| ૧ | જીજ્ઞેશકુમાર ગોવિંદભાઈ બારોટ. | ૦૪ |

**–: દસ્તાવેજી પુરાવો :–**

| **ક્રમ** | **દસ્તાવેજની વિગત** | **આંક** |
|---|---|---|
| ૧ | ફરીયાદ. | ૦૫ |
| ૨ | કલોઝીંગ પુરસીસ. | ૦૬ |

(૪) સદર કેસના આખરી નિકાલ અર્થે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયાં છે :–

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંક રીતે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા.૦૮/૦૪/૨૦૦૬ ના રોજ કલાક ૧૯:૪૫ વાગ્યાના સુમારે અમદાવાદ રેલ્વે બ્રોડગેજ મુસાફરીખાનામાં ટિકિટબારી ઉપર ફરીયાદીશ્રીના પાછળના પેન્ટના ગજવામાંથી મનીપર્સ કાઢતા ફરીયાદીશ્રીએ આરોપીનો હાથ પકડતા ફરીયાદીશ્રીને ઘકકો મારી નીચે પાડી દઈ, મનીપર્સની લુંટ કરી નાસી જતા પકડાઈ જઈ તે બાબતે **ઈ.પી.કોડની કલમ : ૩૯૪** મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૫) ઉપરોકત મુદ્દાઓ પરત્વે મારા નીર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારાત્મક

(૨) આખરી હુકમ મુજબ.

(૬) આ કામે **આંક–૦૪** થી **ફરીયાદી જીજ્ઞેશકુમાર ગોવિંદભાઈ બારોટ** ને તપાસેલા છે જેઓ કોર્ટ સમક્ષ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, બનાવમાં એવુ બનેલ કે, બનાવ તારીખે તેઓ અમદાવાદ બ્રોડગેજ મુસાફરખાનામાં ટિકિટ બારી ઉપર ઉભા હતા. ત્યારે તેમના પાછળના ખિસ્સામાંથી તેમના પર્સની કોઈ અજાણ્યા ઈસમે મુદ્દામાલની ચોરી કરીને લઈ ગયેલ. તેની તેઓએ ફરીયાદ આપેલી. તથા ઈસમને ઓળખતા નથી. કોઈ અજાણ્યો ઈસમ કોઈએ ચોરી કરેલી પણ તે કોણે કરેલી તેની તેમને ખબર નથી. તેઓએ તેની ફરીયાદ આપેલી. આરોપીને તેઓ ઓળખતા નથી. અને કેસની ફરીયાદ તેઓએ આપેલી. હવે તેઓ આગળ કેસ ચલાવવા માંગતા નથી. તેઓએ નમુદની નામ વગરની ફરીયાદ આપેલ હતી. હવે તેમને કોઈ મનદુ:ખ રહેલ નથી. આજરોજ તેઓએ એપીપીશ્રી મારફતે જણાવે છે કે, તેમને કોઈ સાહેદો તપાસવા નથી. આ કામે ફરીયાદ તેઓએ આપેલી જેને તેઓ ઓળખી બતાવે છે જે **આંક–૦૫** થી રજુ છે. આરોપીને ઓળખતા નથી. આરોપી હાજર હોય તો પણ તેઓ ઓળખી શકે નહી. હવે તેમને આગળ કેસ ચલાવવો નથી. કોઈ સાહેદો તપાસવા નથી. તેઓએ આજરોજ મુદ્દામાલ પરત લેવા માટે અરજી કરેલ છે.

આમ, હાલના આરોપીએ આક્ષેપિત ગુનો કર્યો હોય તેવી કોઈ હકીકત ફરીયાદપક્ષના ઉપરોકત રજુ થયેલ પુરાવાથી પુરવાર કરી શકેલ નથી, પરંતુ આ કામે ઉપરોકત ચર્ચા કર્યા અનુસાર ફરીયાદ પક્ષના ફરીયાદીએ પણ **આંક–૦૫** વાળી ફરીયાદને કોઈ સમર્થન આપેલ નથી. જેથી ફરીયાદ હકીકતને લગીર માત્ર પણ સમર્થન મળતુ નથી. તેથી સદર ફરીયાદ પુરવાર થયેલ છે. તેવુ માની શકાય નહી, આવા સંજોગોમાં આરોપીએ આક્ષેપિત ગુનો કરેલ હોવાનું શંકારહિત પુરાવાથી પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નિવડેલ છે. તેથી આરોપીને હાલના ગુનામાં સાંકળી, તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી તેમજ **આંક–૦૬** થી ફરીયાદી ધ્વારા રજુ કરવામાં આવેલ કલોઝીંગ પુરસીસ આપેલ છે તેમા જણાવેલ છે કે, તેઓ કોઈ સાહેદો તપાસવા નથી અને તેઓને આ કેસ

આગળ ચલાવવો નથી. તેમ જણાવેલ છે આમ, ઉપર મુજબનો ફરીયાદપક્ષ દ્વારા રજુ કરેલ પુરાવો આરોપીને તકસીરવાન ઠરાવવા પૂરતો જણાતો નથી, તેથી ફરીયાદપક્ષ આરોપી વિરુધ્ધનો ગુનો નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોઈ ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

(૭) મુદ્દા નં.(૨)

આમ, ઉપરોકત મુદ્દા નં.૧ ની ચર્ચા ધ્યાને લેતા ફરીયાદપક્ષ આરોપી વિરુધ્ધ મુદ્દા નં.૧ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે ત્યારે કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ શંકાનો લાભ આરોપીને મળવા પાત્ર હોય તે સંજોગોમાં મુદ્દા નં.૨ નો નિર્ણય આખરી હુકમ મુજબ ફરમાવવામાં આવે છે :–

**આખરી હુકમ**

- આ કામના આરોપી નં. (૧) દિનેશ સ/ઓ ચેલાજી ચમાર, ઉ.વ.પુખ્ત, રહે. ગામ.ઓઢવા, તા.ડીસા, જી. બનાસકાંઠા નાઓને ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ– ૨૪૮(૧) અન્વયે **ઈ.પી.કોડની કલમ : ૩૯૪** મુજબના ગુનામાં શં કાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.
- અન્ય મુદ્દામાલ સબંધે વચગાળાના હુકમો કાયમી કરવા તેમજ અન્ય મુદ્દામાલ અપીલ સમય બાદ નાશ કરવો અને જો મુદ્દામાલનો હુકમ થયેલ ન હોય તો મુદ્દામાલ અરજદારની ઓળખની ખરાઈ કરી, કાયદેસરના દસ્તાવેજો લઈ પરત કરવો.
- બિન કિમતી મુદામાલ જો હોય, તો તેઓ અપીલ સમય વિતે નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં મારી સહી કરી, વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ :૧૭/૦૧/૨૦૨૫
અમદાવાદ.

(પરીમલ પરસોત્તમભાઈ પટેલ)
૧૨ માં અધિક ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં. ૫., અમદાવાદ સીટી.
કોડ નં. જીજે૦૦૯૪૨.